# જય આદ્યશક્તિઃ સોળ કડી, સોળ સંબંધ અને સોળ જીવનપાઠ

ભાગઃ ૧

સંબંધોના તાણાવાણા
ગીતા શ્રોફ

**આરતીમાં માતાજીનાં સ્વરૂપો ગાઈએ છીએ પરંતુ શું એ શક્તિઓ આપણા સંબંધોમાં જીવીએ છીએ? નવરાત્રિ હોય કે રોજની પૂજા, આપણે સૌ ભાવપૂર્વક ગાઈએ છીએ– ‘જય આદ્યશક્તિ મા’ એકમથી સોળમ સુધી માતાજીનાં વિવિધ સ્વરૂપોનું સ્મરણ કરીએ છીએ પરંતુ ક્યારેય વિચાર્યું છે કે આ આરતીને આપણા પારિવારિક અને સામાજિક જીવન સાથે જોડીને પણ સમજી શકાય? માતાજીનું દરેક સ્વરૂપ જીવનની એક અલગ શક્તિનું પ્રતીક છે અને એ જ શક્તિઓની જરૂર આપણને સંબંધો સાચવવામાં પણ પડે છે. આવો, આરતીની સોળ કડીઓમાંથી સંબંધોના સોળ પાઠ સમજવાનો પ્રયાસ કરીએ.**

## એકમ - આદ્યશક્તિ: માતા અને સંતાનનો સંબંધ



આદ્યશક્તિ એટલે સર્જનની મૂળ શક્તિ.

માતા બાળકને જન્મ આપે છે પરંતુ માત્ર જન્મ આપવાથી માતૃત્વ પૂર્ણ થતું નથી. બાળકને પ્રેમ, સુરક્ષા, સ્વીકાર અને આત્મવિશ્વાસ આપવાથી તેના વ્યક્તિત્વનો પાયો રચાય છે.

ઘણી વખત માતા-પિતા સંતાનને કહે છે, “અમે તારા માટે આટલું બધું કર્યું છે એટલે તારે અમારી વાત માનવી જ જોઈએ.” પરંતુ સંતાન કોઈની માલિકી નથી. તે એક સ્વતંત્ર વ્યક્તિત્વ છે.

### મનોવૈજ્ઞાનિક પાઠ:

બાળકને સુરક્ષિત લાગણીસભર જોડાણ મળે તો તે વિશ્વાસ અને આત્મવિશ્વાસ વિકસાવવામાં મદદરૂપ બને છે.

### સંબંધનો સંદેશ:

સંતાનને જન્મ આપવો એ સર્જન છે પરંતુ તેને પોતાની ઓળખ સાથે વિકસવા દેવું એ સાચું માતૃત્વ અને પિતૃત્વ છે.

## બીજ - શિવશક્તિ: પતિ અને પત્નીનો સંબંધ



શિવ અને શક્તિનું સ્વરૂપ પરસ્પર પૂરકતાનું સુંદર પ્રતીક બની શકે છે.

આજના લગ્નજીવનમાં સૌથી મોટો પ્રશ્ન ઘણી વખત પ્રેમનો અભાવ નથી પરંતુ સત્તાનો સંઘર્ષ છે.

પતિ માને કે હું કમાઉં છું એટલે મારા નિર્ણયો ચાલવા જોઈએ. પત્ની માને કે હું ઘર સંભાળું છું એટલે મારી વાતને પ્રાધાન્ય મળવું જોઈએ. બંને પોતાનું યોગદાન જુએ છે પરંતુ એકબીજાનું યોગદાન ઓળખવાનું ભૂલી જાય છે.

### મનોવૈજ્ઞાનિક પાઠ:

સ્વસ્થ દાંપત્યમાં સમાન સન્માન, સહભાગી નિર્ણયો અને પરસ્પર સહયોગ જરૂરી છે.

### સંબંધનો સંદેશ:

લગ્નમાં એક વ્યક્તિનું વર્ચસ્વ નહીં, બે વ્યક્તિઓનું સહઅસ્તિત્વ હોવું જોઈએ.

## ત્રીજ - ત્રિવેણી: સાસુ, વહુ અને પુત્રનો સંબંધ



ત્રિવેણી એટલે ત્રણ પ્રવાહોનો સંગમ. તેને આપણે સાસુ, વહુ અને પુત્રના સંબંધ સાથે જોડીએ.

ઘણી વખત સાસુને લાગે કે વહુ આવ્યા પછી પુત્ર બદલાઈ ગયો. વહુને લાગે કે પતિ હંમેશાં માતાની જ વાત માને છે અને પુત્ર બંને વચ્ચે ફસાઈ જાય છે.



અહીં પ્રશ્ન એ નથી કે પુત્ર કોનો છે. પ્રશ્ન એ છે કે ત્રણેય એકબીજાના સ્થાન અને લાગણીઓને કેટલું સમજે છે.

માતાનો પુત્ર સાથેનો સંબંધ લગ્ન પછી સમાપ્ત થતો નથી અને પત્નીનો અધિકાર માતાના સન્માનને ઓછું કરતો નથી.

### મનોવૈજ્ઞાનિક પાઠ:

પરિવારમાં સ્પષ્ટ મર્યાદાઓ અને પરસ્પર સન્માન રાખવાથી અનાવશ્યક ત્રિકોણીય સંઘર્ષ ઘટી શકે છે.

### સંબંધનો સંદેશ:

સાસુએ વહુમાં પ્રતિસ્પર્ધી નહીં અને વહુએ સાસુમાં વિરોધી નહીં જોવી જોઈએ. પુત્રે પણ બંને સંબંધોની સ્વતંત્રતા અને ગરિમા જાળવવી જોઈએ.

## ચોથ - મહાલક્ષ્મી: પરિવાર અને સમૃદ્ધિનો સંબંધ

એક પરિવારમાં પુત્ર વિદેશમાં ખૂબ કમાય છે. માતા-પિતા માટે મોટું ઘર બનાવ્યું છે, તમામ સુવિધાઓ આપી છે પરંતુ મહિનાઓ સુધી તેમની



સાથે વાત કરવાનો સમય નથી.

બીજા પરિવારમાં પૈસા ઓછા છે પરંતુ પરિવારના સભ્યો રોજ સાથે બેસે છે અને એકબીજાની વાત સાંભળે છે.

તો સમૃદ્ધિ કોની પાસે વધારે છે?

મહાલક્ષ્મીના સ્વરૂપને આપણે માત્ર આર્થિક સંપત્તિ નહીં પરંતુ સંબંધોની સમૃદ્ધિ સાથે પણ જોડીએ.

મનોવૈજ્ઞાનિક પાઠઃ આર્થિક સુરક્ષા જરૂરી છે પરંતુ ભાવનાત્મક જોડાણની જગ્યા માત્ર પૈસાથી ભરી શકાતી નથી.

### સંબંધનો સંદેશ:

પરિવાર માટે કમાવું જરૂરી છે પરંતુ પરિવાર માટે સમય કાઢવો પણ એટલો જ જરૂરી છે.

## પાંચમ - પંચતત્ત્વ: ભાઈ-બહેન અને સ્વભાવની વિવિધતા



એક જ માતા-પિતાનાં બે સંતાનોનો સ્વભાવ એકસરખો હોતો નથી. એક અભ્યાસમાં હોંશિયાર હોય, બીજું રમતગમતમાં. એક શાંત હોય, બીજું બોલકું. એક જવાબદારી ઝડપથી સ્વીકારી લે, બીજાને વધુ સમય લાગે પરંતુ માતા-પિતા સતત સરખામણી કરે તો ભાઈ-બહેન વચ્ચે પ્રેમની જગ્યાએ સ્પર્ધા અને ઈર્ષ્યા જન્મી શકે છે. પંચતત્ત્વની જેમ પરિવારમાં પણ વિવિધ સ્વભાવનું મહત્ત્વ છે.

### મનોવૈજ્ઞાનિક પાઠ:

સતત સરખામણી આત્મસન્માન અને ભાઈ-બહેનના સંબંધને અસર કરી શકે છે.

### સંબંધનો સંદેશ:

દરેક સંતાનને સરખો પ્રેમ આપવો જરૂરી છે, પરંતુ દરેકની વિશિષ્ટતા પણ ઓળખવી જોઈએ.

## છઠ્ઠ - મહિષાસુરમર્દિની: અન્યાય સામે સ્વાભિમાન

એક મહિલાને વર્ષોથી પતિ તરફથી અપમાન અને અવગણના સહન કરવી પડે છે. પરિવારના સભ્યો કહે છે, “ઘર સાચવવું હોય તો થોડું સહન કરવું જ



પડે.” પરંતુ શું ઘર સાચવવાની જવાબદારી માત્ર એક વ્યક્તિની છે? મહિષાસુરમર્દિનીના સ્વરૂપમાંથી આપણે શીખી શકીએ કે શક્તિનો અર્થ માત્ર સહન કરવું નથી; જરૂર પડે ત્યારે અન્યાય સામે ઊભા રહેવું પણ છે. આ વાત માત્ર સ્ત્રીઓ માટે નથી. પુરુષ, વૃદ્ધ, બાળક કે પરિવારનો કોઈ પણ સભ્ય અપમાન કે શોષણનો ભોગ બને તો તેને સુરક્ષા અને સન્માન મળવું જોઈએ.

### મનોવૈજ્ઞાનિક પાઠ:

સ્વસ્થ સંબંધોમાં વ્યક્તિગત મર્યાદાઓ, સલામતી અને આત્મસન્માન જરૂરી છે.

### સંબંધનો સંદેશ:

સંબંધ બચાવવાના નામે કોઈનું સ્વાભિમાન ગુમાવવું ન જોઈએ.

## સાતમ - ગાયત્રી, સાવિત્રી: સંવાદ અને સમજણ



એક પિતા પોતાના પુત્રને કહે છે, “તું મારી સાથે ક્યારેય વાત જ નથી કરતો.” પુત્ર જવાબ આપે છે, “પપ્પા, હું વાત કરું ત્યારે તમે સાંભળતા જ ક્યાં છો? તરત સલાહ કે ઠપકો આપવા લાગો છો.” ઘણી વખત સંબંધોમાં સમસ્યા વાતચીતના અભાવ કરતાં સાંભળવાની કળાના અભાવથી વધુ ઊભી થાય છે. સાતમી કડીના જ્ઞાન અને ચિંતનના ભાવને આપણે સંવાદ સાથે જોડીએ.

### મનોવૈજ્ઞાનિક પાઠ:

સક્રિય રીતે સાંભળવું, સામેવાળાની લાગણી સમજવી અને તરત નિર્ણય ન આપવો સંબંધોમાં વિશ્વાસ વધારવામાં મદદરૂપ થાય છે.

### સંબંધનો સંદેશ:

સંબંધોમાં જવાબ આપવા માટે નહીં, સમજવા માટે સાંભળવું જોઈએ. (ક્રમશઃ)

Instagram@gita.shroff